**ક્રિ. કેસ નં.5863 /2011**

## આંક - ૧ નીચે ક્રિ.પ્રો.કોડની કલમ - ૨૫૮ અન્વયે હુકમ

(૧) નામ. ડિસ્ટ્રીક્ટ કોર્ટે તેઓના ઓફીસ ઓર્ડર નં. બી/૨૦૫૭/૨૦૧૭ અન્વયે અત્રેની અદાલતને દર મહીના ની પંદર મી તારીખે સ્પે. સીટીંગનું આયોજન કરી, નામ. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી ના પત્રમાં જણાવ્યા અનુસારના કેસ નો ઝડપી ન્યાયિક નિકાલ કરવા હુકમ કરેલ છે. હાલનું કામ સ્પે. સીટીંગમાં હાથ ઉપર લઈ તેમાં આગળની ઝડપી કાર્યવાહી કરવા સારૂ નામ. ડિસ્ટ્રીકટ કોર્ટે, ઓફિસ ઓર્ડર થી અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરેલ છે.

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ અનુસાર જ્યારે વહીવટી કારણોસર કોઈ કેસ એક અદાલત માંથી તે જ મુકામે આવેલ અન્ય અદાલતને આગળની ન્યાયિક કાર્યવાહી કરવા સારૂ તબદીલ કરવામાં આવે તે કિસ્સામાં જે તે કેસ ના પક્ષકારોને નવેસરથી નોટીસ / સમન્સ કરવાની જરૂરીયાત રહેતી નથી.

(૩) સદર કામે આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો. 279, 337 etc તથા મો. વ્હી. એક્ટ 184 etc મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનો એ સમન્સ ટ્રાયેબલ કેસ છે. સદર કેસ જુનો છે. ડી.સી.આઈ.એસ. મોડ્યુલ ધ્યાને લેતાં સદર કેસમાં ઘણી બધી મુદત તારીખ પડેલ છે અને આરોપીને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફત બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસ ની બજવણી કરાવી, આરોપીને હાજર રખાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષે આરોપીને પ્રોસેસ બજવણીમાં સતત નિષ્કાળજી દાખવેલ છે. જેને કારણે સદર કેસ આગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નિકાલ બાકી રહેલ છે. તેમજ હવે ફરીયાદ પક્ષને આરોપીને પ્રોસેસ બજણી માટે વધુ તકો આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે. તે તમામ હકીકત અને સંજોગોમાં સદર કેસ ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયિ જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### હુકમ

૧. સદર કેસ ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં, આરોપી જ્યારે પણ મળી આવે / રજુ થાય ત્યારે ફરીયાદ પક્ષ આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે.

હુકમ આજરોજ સ્પે. સીટીંગ અંતર્ગત ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**રાજકોટ**

**તા. ૧૦/૦૨/૧૮**

**(આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા)**
**જ્યુ. મેજી. ફ. ક. (મેઈન)**
**રાજકોટ**
**કોડ નં. જીજે ૦૧૨૮૨**